બાળકો અને નોજવાનો માટે

# હાદી

માસિક

ઝિલહિજ્જતુલહરામ
હીજરી સન ૧૪૨૯
ડિસેમ્બર - ૨૦૦૮



રૂા. 30/-

الحمد لله الذي جعلنا من المتمسكين بولاية أمير المؤمنين والأئمة عليهم السلام

من كنت مولاه فهذا علي مولاه

**ઈદે ગદીરના દિવસે એક બીજાને મળે તો આ પ્રમાણે મુબારકબાદ આપે :**

الحمد لله الذي جعلنا من المتمسكين بولاية أمير المؤمنين والأئمة عليهم السلام

"સઘળા વખાણ એ અલ્લાહ માટે છે, કે જેણે અમોને હ.અલી. (અ.સ.)ની વિલાયત અને ઈમામતથી મેળવી દીધા."

E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


માનવતાના માર્ગદર્શક
હઝરતે હુજજત અરવાહોના ફિદાહ અજ્જલલ્લાહો
તઆલા, ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક પ્રખરવિદ્વાન કૌમના સંનિષ્ઠ સેવક
**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

**મુખ્ય તંત્રી :**
**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

**કાર્યવાહક તંત્રી :**
**સૈયદ મોહમ્મદ અખ્તર**

**સહાયકો :**
**અહમદ રઝા ઝુરારહ**
**તાલીમ રઝા અજમેરી**

**અનુવાદક :**
**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**
આઇ.એ.એસ. (નિવૃત્ત)


## વહાલા બાળકો,
## સલામુન અલયકુમ

ઈદે ગદીર ઈસ્લામની સૌથી મોટી અને ભવ્ય ઈદ છે. આ એજ ઈદ છે જેમાં અલ્લાહના વહાલા નબી (સલ.) એ મૌલા અલી (અ.સ.) ને ઈમામત અને વિલાયત નો તાજ પહેરાવી આપણને માર્ગદર્શન મળી રહે તેની વ્યવસ્થા કરી.

ખુદાનો લાખ લાખ આભાર કે આ ઈદે ગદીરના પ્રસંગે અમને આપણી કૌમના વહાલા બાળકોની દીની અને વિદ્યાના પ્રશિક્ષણ અને માર્ગદર્શનની સર્વ શ્રેષ્ઠ તક પ્રાપ્ત થઈ.

એટલે કે આ નવી પેઢી કે જેનાથી ''શીઈયત''નો ભવિષ્ય સંકળાએલ છે તેમના માટે અમને '' હાદી માસિક''નો પ્રથમ અંક ઈમામે ઝમાના (અ.જ) ની મહેરબાનીથી પ્રસ્તુત કરવાની તક મળી. જેથી કરીને અમને આપણી નવી પેઢીની પાસે જઈ ને તેમની સાથે વાતો કરવાનો મોકો મળે.

આ બાળકો માટેજ ઈમામ ખુમૈની (રહ.)એ પોતાની ઈન્કિલાબ ની ચળવળ દરમ્યાન ફરમાવ્યું હતું કે ''મારૂં સૈન્ય તો હજુ પારણામાં ઉછરી રહ્યું છે. આજ વાકયનો સ્પષ્ટ રીતે એજ અર્થ થાય છે કે આજ ના બાળકો ભવિષ્યના ચમકતા તારલાઓ છે.''

આ નાના નાના બાળકોના માર્ગદર્શનની સાચી વ્યવસ્થા ન થાય તો તેમના ભવિષ્યના અંધકારની જવાબદારી આપણી હશે. કારણ કે બાળક પારણાંમાં જર્રુર બને છે કે ''હુરમલા''.... બાળકોના પ્રશિક્ષણની એવીજ ચિંતા વાલિદે અલ્લામ તાબસરાહૂને હતી અને તેને કારણેજ એમણે ''હવઝએ ઈલ્મિયાહ''ની સ્થાપના કરી. તેમના લક્ષ્યો માંથી એક લક્ષ્ય એ પણ હતું કે એક એવો સામાયિક બહાર પાડવામાં આવે જે કૌમની સુધારણા અને ખાસ કરીને બાળકોની સુધારણાં ની સાથે સાથે ધાર્મિક તથ્યોથી પણ બાળકોને વાકેફ કરી શકે. પરંતુ સાધનોની તંગીને કારણે તે પોતાના આ લક્ષ્યને હકીકતમાં રૂપાંતરિત કરી શકયા નહોતાં.

હવે ખુદાવંદે આલમનો આભાર કે તેની દયાથી આ બાબતમાં દીન અને મિલ્લતના સંનિષ્ઠ સેવક કર્તવ્ય પરાયણ વિદ્વાન પરમ આદરણીય આલી જનાબ મૌલાના મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા અને યુ.કે. ના બોસતાને ઝહરા એસોસીએશન ના પ્રમુખ જનાબ મહમૂદ પઢાની એ અમને આ કામ પૂર્ણ કરવા માટે તૈયાર કર્યા. અને આજે આ કામનો પ્રારંભ મુર્ત સ્વરૂપે આપના હાથમાં છે.

આ બાબત માં ઉર્દૂમાં લખાએલ લેખોના ગુજરાતી અનૂવાદના આદરણી જનાબ સૈય્યદ મુહમ્મદ ફાઝિલ બુખારી સાહબ રટાયર્ડ(આઈ.એ.એસ.) અધિકારી શ્રીએ તેમના ઝિમ્મે લઈ કહ્યું કે જો આ તક મને મળી જાય તો મારા દ્વારા પણ દીન ની કાંઈક સેવા જ થઈ જશે. અમો એમના આભારી છીએ.

રબ્બે કરીમ ને દુઆ છે કે આ જે કાર્યનો પ્રારંભ આજે થયો છે તે પ્રગતિ કરે અને આપણી સૌની નજાતનું કારણ બને.

વહાલા બાળકો ! તમારું આ ''હાદી માસિક'' તમને ઘણી સારી સારી વાતો જણાવશે. તમે પોતે પણ વાંચજો અને બીજાઓને પણ સંભળાવજો.

આ માસિકને હજુ વધારે સારું બનાવવા તમામ શુભચિંતકો ના મંતવ્યો અમારા માટે લાભદાયક સિધ્ધ થશે.........

વસ્સલામ.


**વિગતો માટે સંપર્ક :**

**યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :**
**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**
*Bustan - E- Zehra Association*
Mukhtar Abbas Vasaya
91, Longthornton Road, LONDON, SW16 5QF
Tel. : 0044 - 2082866198 Mo. : 00447828958746
E-mail : movasaya@hotmail.com

**ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :**
**હૌઝએ ઈલ્મિયહ ઈમામ ખુમૈની (રહ.)**
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત–૩૮૨૪૪૦
ફોન : ૦૭૯–૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨
**E-mail : hadimasik@yahoo.com**

# કુર્આનનાં કિરણો

વહાલા ભૂલકાઓ !

આ પાના ઉપર અમે તમારા માટે કુર્આનની આયતોની સારી સારી વાતો રજુ કરીએ છીએ. જેને તમે ખુબ વાંચો અને તેના ઉપર અમલ પણ કરો. જેથી કરીમ અલ્લાહ અને આપણા માઅસૂમીન પણ તમને પોતાના મિત્રોમાં ગણે.

## કુર્આન કહે છે :

- એક બીજાને સલામ કરો.
- હંમેશા સાચું બોલો.
- નિરર્થક વાતોથી દૂર રહો.
- સારી અને નેક વાતોને ધ્યાનથી સાંભળો.
- એક બીજામાં બુરાઈઓ શોધવાની તકમાં ન રહો.
- એક બીજાને ખરાબનામોથી સંબોધન ન કરો.
- અલ્લાહથી દુઆઓ માગ્યા કરો.
- માતા-પિતા માટે રહેમની દુઆ માગ્યા કરો.
- અલ્લાહનુ નામ લઈને વાંચનની શરૂઆત કરો. (અલક-આયત નં.૧)
- ઉઠતી વખતે - બેસતી વખતે-સૂતી વખતે (હંમેશા) અલ્લાહને યાદ કરતા રહો. (આલે ઈમરાન-૧૯૧)

સ્પષ્ટતા :- આયતોનાં અનુવાદમાં બાળકોના બૌદ્ધિક સ્તરને દ્રષ્ટિ સમક્ષ રાખીને આયતોનો અર્થ મુજબ નો ભાવનુવાદ કરવામાં આવ્યો છે.



E-mail : hadimasik@yahoo.com

# ગદીરની વાર્તા – સવારીના શબ્દોમાં.



હું હંમેંશા અલ્લાહના વહાલા નબી (સલ.)ની સેવામાં રહેતો હતો. આપ જયારે પણ પ્રવાસે જતાં ત્યારે મારા ઉપરજ સવારી કરતાં. જયારે ખુદાના પ્યારા રસૂલ (સલ.) મારી પીઠ ઉપર સવાર થતાં ત્યારે મારા આનંદની કોઇ સીમા રહેતી નહોતી. હું મારા બધાં સાથીઓ ને કહેતો. ''મારી શાન જુઓ ! હું જગતના સૌથી મહાન પયગમ્બરની સવારી છું.'' મારા સાથીઓ પણ મને કહેતા. ''જરા સંભાળીને ચાલજે, રસૂલે ખુદા (સલ.)ને કયાંક ભૂલથી પણ ઇજા ન પહોંચી જાય.''

હું ઘણાં પ્રવાસોમાં રસૂલે ખુદા (સલ.)ની સાથે રહયો છું. પરંતુ મને આપ (સલ.)ના આખરી હજનો પ્રવાસ હમેંશા યાદ રહેશે. હું જયારે આપ (સલ.)ને મદીનાથી મક્કા લઇને ગયો હતો. તે વરસે મક્કાનું દ્રશ્ય જ કાંઇ જુદુ  હતું. મેં તે પહેલાં લોકોની આટલી મોટી ભીડ કહી જોઇ ન હોતી. ચારે કોર હાજીઓની સવારીઓની લાઇનો હતી. જયારે હું રસૂલે ખુદા (સલ.)ને લઇને તેમની વચ્ચેથી પસાર થતો  તો શું બાળકો અને શું મોટેરાઓ બધાં મારી તરફ આંગળી ચીંધીને કહેતાં : ''જુઓ–જુઓ ! વચ્ચેથી ખસી જાવ રસૂલે ખુદા (સલ.)ની સવારી આવી રહી છે.''

તે વરસે બધાં હાજીઓ એટલા માટે ખુબ ખુશ ખુશાલ હતાં કે તેઓ પણ રસૂલે ખુદા (સલ.)ની સાથે હજ માટે આવ્યા હતાં. મેં કેટલાંક હાજીઓને એકબીજા સાથે એવી વાતો





કરતાં પણ સાંભળ્યાં હતાં કે ''આ વરસે ઘણી મોટી સંખ્યામાં હાજીઓ હજ માટે આવ્યાં છે અને હાજીઓની સંખ્યા એક લાખ કરતા પણ વધારે છે.''

હુઝુરે અકરમ (સલ.) અરફાતના મેદાનમાં પણ મારી પીઠ ઉપરથી હાજીઓને સંબોધન કર્યું હતું.

હજની વિધિઓ પુરી થયા પછી રસૂલે ખુદા (સલ.)એ મદીના તરફના પ્રયાણની ઘોષણાં કરાવી. મને પણ ઘરની યાદ આવતી હતી.

બીજા બધાં હાજીઓએ પોત પોતાના ઘરો તરફ પ્રયાણ શરૂ કર્યું હું પણ મારી પીઠ ઉપર રસૂલે ખુદા (સલ.)ને સવાર કરાવીને ઝડપથી મદીના શહેરની તરફ દોડતો હતો. સખ્ત તડકો હતો, તે છતાં હાજીઓ રોકાવાનો વિચાર પણ નહોતાં કરતાં. દરેકને પોત પોતાને ઘેર ઝડપથી પહોંચી જવાની તાલાવેલી હતી. કેટલાંક કાફલાઓ તો અમારી આગળ પણ નીકળી ગયાં હતા. જયારે કેટલાંક અમારી પાછળ આરામથી આવતાં હતા.

અમે એક તદ્દન ખુલ્લા મેદાનમાંથી પસાર થતાં હતાં કે અચાનક આકાશમાંથી જિબ્રઈલે અમીન નાઝિલ થયાં. એમણે રસૂલે ખુદા (સલ.)ને કાંઈક કહયું. રસૂલે ખુદા (સલ.)એ મને રોકાઈ જવાનો ઈશારો કર્યો. મને તો ઘણું આશ્ચર્ય થયું. કે આ તદ્દન ખુલ્લા, ઝાડ, છાંયડા વગરના મેદાનમાં આ સખ્ત તડકામાં મને શા માટે રોકવામાં આવ્યો ?

આપ (સલ.)એ એવી પણ આજ્ઞા કરી કે જે હાજીઓ આગળ નીકળી ગયા હોય તેમને પાછા બોલાવી લેવામાં આવે, આજ્ઞા થવાની વાર હતી કે કેટલાંક ઘોડેસવારો ઝડપથી પોતાના ઘોડા આગળ નીકળી ગએલા હાજીઓને પાછા બોલાવી લેવા દોડાવી દીધા.

તે પછી આપ (સલ.)એ ફરમાવ્યું ''જે લોકો પાછળ રહી ગયાં છે તેમની રાહ જોવામાં આવે.''





ધીમે ધીમે આખુ મેદાન હાજીઓ અને તેમની સવારીઓથી ખીચો ખીચ ભરાઇ ગયું. જયાં જયાં નજર નાંખો ત્યાં ત્યાં માથા જ માથા દેખાતા હતા. દરેક વ્યક્તિ આશ્ચર્યથી રસૂલે ખુદા (સલ.)ને જોતો હતો. તે પછી આપ (સલ.) લોકોની ભીડમાં અદ્રશ્ય થઇ ગયાં. પણ હું તો રહયો ઉંટ ! હું મારી ઉંચી ડોક વધુ ઉચકી ઉચકીને આપ (સલ.)ને સતત જોતો જ હતો !

એક વખત આપ (સલ.) એ એક બાજુ કોઇ સંકેત આપ્યો. કેટલાંક હાજી દોડી પડયાં અને પોતપોતાના ઉંટોની કાઠડીઓ ઉતારી લાવ્યા. પછી તે કાઠડીઓને પિરામીડના આકારમાં એકની ઉપર એક મુકવા માંડયા. આમ ઉંટોની કાઠડીઓનો એક ઉંચો પિરામીડ તૈયાર થઇ ગયો.

તે પછી મે જોયું કે રસૂલે ખુદા (સલ.) પોતાની જગ્યાએથી ઉભા થયા અને કાઠડીઓથી બનાવેલા પિરામીડ જેવા મંચ ઉપર ચઢવા લાગ્યાં. જયારે આપ (સલ.) ટોચ ઉપર પહોંચી ગયાં તો ત્યાંથી આપ (સલ.)એ એક અત્યંત ઉચ્ચ કક્ષાની સાહિત્યિક અલંકૃત ભાષામાં લોકોને સંબોધન કર્યું.

પ્રખર તાપમાં પણ તમામ હાજીઓ એક ચિત્તે આપનું ભાષણ સાંભળતાં હતાં. આપ (સલ.)એ પહેલા અલ્લાહની હમ્દોસના (પ્રશંસા) કરી અને પછી પોતાની રિસાલતના કાર્યોનું વર્ણન કર્યું. પછી લોકોને પુછયું :

‘‘શું મારો તમારા ઉપર, તમારા પોતાથી પણ વધારે હક નથી ? શું હું તમારો માલિક અને મુખ્તાર નથી ?’’





બધાંએ એક અવાજે ભેગા મળીને કહયું ''હા ! હે અલ્લાહના રસૂલ (સલ.) આપ જ અમારા માલિક અને મૌલા છો.''

ત્યારે રસૂલે ખુદા (સલ.)એ હઝરત અલી (અ.સ.)ને પોતાના હાથોમાં ઉચકીને કહયું :

''યાદ રાખજો ! જેમનો હું માલિક અને મૌલા છું આ અલી પણ તેમનો માલિક અને મૌલા છે.''

પછી રસૂલે અકરમ (સલ.) અને હઝરત અલી (અ.સ.) કાઠડીઓના મંચ ઉપરથી નીચે ઉતરી આવ્યાં. લોકો હઝરત અલી (અ.સ.)ને અભિનંદન આપવા અને તેમની બય્અત કરવા તૂટી પડયાં ! આખું મેદાન અભિનંદનના અવાજોથી ગૂંજી ઉઠયું !!! જયાં સુધી બધાંજ લોકોએ (આશરે એક લાખ હાજીઓ)એ અભિનંદન આપ્યાં નહી ત્યાં સુધી અમારો કાફલો ત્યાંથી આગળ વધી શકયો નહીં.

આ જાહેરાત પછી જીબ્રઈલે અમીન ફરી ધરતી ઉપર ઉતર્યા અને મેં મારા પોતાના કાને આ જાહેરાત સાંભળી કે :–આજે દીન (ધર્મ) સંપૂર્ણ થઇ ગયો અને નેઅમતો પુર્ણ થઇ ગઇ.

જે સ્થળે આ ઘટના બની હતી તે જગ્યાનું નામ ''ગદીરે ખુમ'' હતું , તેથી આ દિવસને ''ઇદે ગદીર'' કહેવામાં આવે છે.


હાદી માસિક

મેમ્બરશીપ નં. ________ મેમ્બરશીપ ફોર્મ

નામ ____________________

પિતાનુ નામ ____________ બાળક/બાળકી ________

સરનામું ____________________

____________ પીનકોડ ________

કલાસ ________ ફોન : ________

જન્મ તારીખ ____________________

ઈમેલ : ____________________

E-mail : hadimasik@yahoo.com

# પક્ષીઓ - પ્રાણીઓનો બોલીઓ

શું તમે જાણો છો કે પક્ષીઓ – પ્રાણીઓ પોતાની બોલીઓ માં શું કહે છે ? તો સાંભળો ! આપણા મૌલા અને આકા હઝરત ઇમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે :–



**બાજ પક્ષી કહે છે કે :** હે ગુપ્ત વાતોનો જાણકાર અલ્લાહ !
હે આફતોને દૂર ભગાડનાર અલ્લાહ



**મોર કહે છે કે :** મેં પોતે મારી જાત ઉપર જુલ્મ કર્યો અને
પોતાની સુંદરતા ઉપર ગર્વ કર્યો.
હે અલ્લાહ, આ માટે તું મને ક્ષમા બક્ષી દે.



**મરઘો કહે છે :** જે ખુદાને બરાબર ઓળખી લે છે તે કદી
તેને ભૂલી શકતો નથી.



**ગરૂડ કહે છે :** જે અલ્લાહનાં આજ્ઞાંકિત હોય છે તે કદી
બદકિસ્મત હોતા નથી.



**ઘૂવડ કહે છે :** (ભૂંડા) લોકોથી અંતર રાખવા માંજ
સુખ–શાંતિ છે.



**ગાય કહે છે :** પાપથી દૂર ભાગો.



**કાગડો કહે છે :** હે આજીવિકા આપનાર અલ્લાહ ! હલાલ આજીવિકા આપજે.



**બતક કહે છે :** (ભૂડાં) લોકોથી દૂર રહો જેથી નુકશાન ન થાય.



**હુદહુદ પક્ષી કહે છે :** અલ્લાહની આજ્ઞાનું પાલન ન કરનાર સૌથી મોટો બદકિસ્મત છે.



**બુલબુલ કહે છે :** અલ્લાહ સિવાય બીજો કોઈ અલ્લાહ (આપણો પાલનહાર ) છેજ નહીં.



**સિંહ કહે છે :** અલ્લાહની ઈબાદત કરવા માટે સખ્ત પરિશ્રમ કરવો જોઈએ.



**શિયાળ કહે છે :** અલ્લાહ જેની રક્ષા કરે છે તેનો નાશ થતો નથી.

*વહાલા ભૂલકાઓ ! આપણે પક્ષીઓ અને પ્રાણીઓની આ બોધ દાયક બોલીઓ માંથી બોધ લેવો જઇએ અને હમેંશા પોતાના માટે પોતાના માં બાપ, ભાઇ બહેનો અને મિત્રો માટે દુઆ કરતા રહેવું જોઇએ.*



# હસો અને હસાવો



પિતા – દીકરા, તું આ વરસે કેટલી
પરીક્ષાઓમાં નાપાસ થયો !
દીકરો – પિતાજી, ફકત બેમાં.
પિતા – કઇ કઇ ?
દીકરો – લેખિત પરીક્ષા અને
મૌખિક પરીક્ષા માં.





ઝાહિદ – ભાઇ, રમઝાન તો સારી રીતે જાય છે.
વાહિદ – હા ! સારી રીતે જ જાય છે.
ઝાહિદ – તને કેવી રીતે જાણ થઇ ?
વાહિદ – જો સારી રીતે ગયો ન હોય તો બીજા વરસે
પાછો આવે જ નહી ને !

એક વ્યકિત રાત્રે પણ ચશ્મા પહેરીને સૂઇ રહેતો.
લોકોએ પુછયું – ભાઇ, તમે રાત્રે સૂતી વખતે પણ
ચશ્મા શા માટે પહેરી રાખો છો ?
તેણે જવાબ આપ્યો –મારી દ્રષ્ટિ નબળી છે.
ચશ્મા વગર હું સપના જોઇ શકતો નથી !





શિક્ષક – ખાંડ ઉપરથી એક વાકય બનાવો.
મસરૂર – મેં એક કપ ચા પી લીધી.
શિક્ષક – આમાં ખાંડ કયા આવી.
મસરૂર – સાહેબ ! ખાંડ નો ચા માં ઓગળી ગઇ છે.

વહાલા બાળકો ! તમે પણ પોતાની પસંદના રમૂજી ટુચકા તમારા ''હાદી માસિક''ના સરનામે મોકલી શકો છો. આવતા અંકોમાં શ્રેષ્ઠ ટુચકાઓને તમારા નામ–સરનામાં સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે.

# મુબાહિલા

તે દિવસોમાં મદીનામાં કાંઇ વિશેષ રોનક હતી. ત્યાં ખ્રિસ્તીઓના કેટલાંક મોભાદાર માણસો આવેલા હતાં. આ માણસો મદીનામાં જયાં જયાંથી પસાર થતાં, લોકો તેમને જોતાજ રહી જતાં. મોટા મોટા અંગરખા – તેના ઉપર સોના – ચાંદીના તારોથી બનાવેલ સુંદર જરીકામ અને કીમતી કપડા. આ કોઇ દેશના રાજાઓ ન હોતાં ! તે હતાં નજરાન કબીલાના પાદરીઓ !!! તેમનામાં કેટલાંક તો તવરૈત (યહૂદીઓનું ધર્મ પુસ્તક) અને ઇનજીલ (બાઇબલ–ખ્રિસ્તીઓનું ધર્મ પુસ્તક) જેવી મહાન આસમાની કિતાબોના વિદ્વાનો હતા.

આ લોકો રસૂલે ખુદા (સલ.) પાસે ગયાં અને કહ્યું કે "હઝરત ઇસા (ઇશુ ખ્રિસ્તી) અલ્લાહના દીકરા છે કેમકે તેમનો જન્મ બાપ વગર થએલો છે ?"

રસૂલે ખુદા (સલ.) તે લોકોને કુર્આને શરીફની આયતો સંભળાવીને સમજાવતા રહયાં. પરંતુ તે લોકો માન્યા નહીં અને તેમણે ઇસ્લામ ધર્મ પણ સ્વીકાર્યો નહી.

અલ્લાહ પોતાના વહાલા નબી (સલ.)ને આજ્ઞા મોકલાવી કે "આ લોકો માનવાવાળા નથી તેથી આપ તેમને કહો કે:–

હું મારા બાળકોને, તમે તમારા બાળકોને, હું અમારી સ્ત્રીઓને , તમે





E-mail : hadimasik@yahoo.com

તમારી સ્ત્રીઓને – હું મારા નફસો ને સાથે લઇને આવું અને તમે તમારા નફસોને સાથે લઇને આવો અને પછી આપણે બધાં મળીને જુઠા ઉપર ખુદાની લાનત મોકલીએ.''

અરબી ભાષામાં આને ''મુબાહિલા'' કહેવામાં આવે છે. બીજા દિવસે બધાં લોકો એક જગ્યાએ એકઠા થઇ ગયાં. ખ્રિસ્તીઓના પાદરીઓ પહેલાંથી ત્યાં આવી ગયા હતાં. તેઓ ''મુબાહિલા'' માટે રસૂલે ખુદા (સલ.)ની રાહ જોતા હતાં. ત્યાં તો બુમરાણ થઇ ગઇ કે ''જુઓ–જુઓ ! અલ્લાહના પ્યારા નબી (સલ.) આવી રહયા છે'' આપ (સલ.)ની સાથે ઇમામ હસન (અ.સ.) અને ઇમામ હુસૈન (અ.સ.) પણ આવતા હતાં. તે હજી બાળકોજ હતાં – પાછળ પાછળ આપ (સલ.)ની લાડલી દીકરી હઝરત ફાતિમા ઝેહરા (અ.સ.) અને આપ (સલ.)ના જમાઇ હઝરત અલી (અ.સ.) પણ હતાં

એમનું બધાનું તેજ જોઇને ખ્રિસ્તીઓ ગભરાઇ ગયાં અને કહેવા લાગ્યા.

''આમની સાથે મુબાહિલા કરશો નહીં. જો આ લોકો પર્વતને ઇશારો કરે તો પર્વત પણ પોતાની જગ્યાએ થી ખસી જાય. જો તેઓ આપણને શ્રાપ આપશે તો પૃથ્વી ઉપર આપણું નામ – નિશાન પણ નહીં રહે.''

આવું કહીને તેઓએ પરાજય નો સ્વીકાર કરી લીધો.

આમ ''પંજતને પાક'' થકી ઇસ્લામે મુબાહિલાનું મેદાન સર કરી લીધું.



આ બનાવ ૨૪ ઝિલહજનો છે. તેથીજ આ દિવસને ''ઇદે મુબાહિલા'' કહેવામાં આવે છે.

(માસિક 'તૂબા'માંથી સાભાર)



E-mail : hadimasik@yahoo.com

# બહેનોનો વિભાગ

કુર્આને મજીદમાં મુસ્લિમ સ્ત્રીઓ માટે એવી આજ્ઞા છે કે :-
''તમે કોઈ પણ (ગેર) વ્યક્તિ સાથે અત્યંત મિઠાશથી
વાત ન કરશો. કે જેનાથી તેના હૃદયમાં વિકૃતી જન્મે અને
તેને લોભ (મોહ) જાગે અને હમેંશા નેકીથી
વાતો કરતાં રહો. (સૂરએ અહઝાબ - આયત ૩ ૨)''

**રસૂલે અકરમ (સલ.)એ અસ્માને સંબોધીને કહયું છે કે :-**
**''હે અસ્મા ! જયારે છોકરી પુખ્ત વયની થઇ જાય તે**
**પછી (કોઇ પણ ગેર - નામહરમ પુરૂષને) તેના શરીરનો**
**કોઇ પણ ભાગ દેખાવો જોઇએ નહીં.''**

''એક મુસ્લિમ સ્ત્રી કે છોકરીએ પરદા માટે એવો બુરખો - સ્કાર્ફ કે કપડા પહેરવા ન જોઈએ કે જેમાંથી તેના શરીરનો કોઇ પણ ભાગ દેખાતો હોય. જેના કપડાં નાજુક (પાર દર્શક) હોય છે તેનો દીન પણ નાજુક અને નબળો હોય છે.''

રસૂલે અકરમ (સલ.) :-

''ગેર વ્યક્તિ (નામહરમ)ની તરફ જોવું તે શય્તાનના ઝેરીલા તીરો માંથી એક તીર છે.''

''ગેર વ્યક્તિ (નામહરમ)ને જોવાવાળા ઘણાં બધાં લોકોને પાછળથી શરમાવું પડે છે. (તે કફોડી સ્થિતિમાં મુકાઇ જાય છે.)''

જયોર્જ ઝેદાન (ખ્રિસ્તી વિદ્વાન)

''જો પડદાનો અર્થ શરીરને સંતાડવું એવો થતો હોય તો આ ધાર્મિક આજ્ઞા ઈસ્લામના ઉદ્દભવ પહેલાંજ નહી પરંતુ હઝરત ઈસા (અ.સ.) (ઈશુ ખ્રિસ્તી)ના જન્મથી પણ પહેલાંથી અસ્તિત્વ ધરાવે છે.''

**(માસિક 'તૂબા'માંથી સાભાર)**



# સલામુન અલયકુમ

**યુસુફ :** ભાઇ ! ગુડ મોર્નિંગ

**અલી :** આ શું હોય છે ?

**યુસુફ :** શું તું તદ્દૃન ગામડિયો છે ? એટલું પણ નથી જાણતો કે દુન્યાના બધાંજ સુસંસ્કૃત લોકોમાં જયારે કોઇની સાથે મુલાકાત થાય ત્યારે તેને આશિર્વાદ આપવાનો અથવા પહેલા કાંઇ સંબોધન કરીને ખબર અંતર પુછવાનો રિવાજ છે. તેથીજ અંગ્રેજી બોલનાર લોકો સવારે કોઇના ખબર અંતર પુછતા પહેલાં ‘‘ગુડ મોર્નિંગ’’ કહીને સંબોધન કરે છે.

**અલી :** પરંતુ આપણે તો અંગ્રેજો નથી ?

**યુસુફ :** સલામ તો કોઇપણ ભાષામાં હોય, સલામ જ છે.

**અલી :** એવુ નથી. ઇસ્લામની રીતે સલામ ‘‘સલામુન અલયકુમ’’ છે.

**યુસુફ :** તેનાથી શું ફેર પડે છે ?

**અલી :** ફેર પડે છે. આ સલામમાં અલ્લાહ તઆલાનું નામ પણ છે અને તેમાં સલામતીની દુઆ પણ છે.

**યુસુફ :** બીજા પણ કોઇ લાભ હોય તો બતાવો.

**અલી :** હા ! રસૂલે ખુદા (સલ.)એ ફરમાવ્યું છે. ‘‘સલામ કરવાથી ઘર માં બરકતો આવે છે.’’ સલામનું મહત્વ સમજાવવા રસૂલે ખુદા (સલ.) બાળકોને પણ સલામ કરતાં હતાં.

**યુસુફ :** ખરા ઇસ્લામી સલામની રીત શું છે ?
સલામ – સલામો અલયકુમ – સલામો–વ–અલયકુમ – સામો  અલયકુમ – આદાબ

**અલી :** અસ્સલામો અલયકુમ ! સલામુન અલયકુમ !

(માસિક – ‘તૂબા’માંથી સાભાર)



E-mail : hadimasik@yahoo.com

# ઉંદરોનું આક્રમણ

હું એક ઉંદર છું. મને બધાં ઉંદરોનો રાજા કહે છે. મારૂં ઘર યમન દેશમાં એક રણમાં હતું. અમે એક ઘણી ઉંચી ટેકરીની પાસે રહેતા હતાં. તે ટેકરીની બીજી બાજુએ એક ઘણી મોટી નદી વહેતી હતી. જેનું પાણી એક વિશાળ બંધ (ડેમ) માં એકઠું કરવામાં આવતું હતું. આજુ બાજુના ખેડૂતો તે બંધના પાણીથી પોતાના ખેતરો અને બગીચાઓમાં સિંચાઇ કરતાં હતાં. ચારે તરફ પાક લહેરાતો રહેતો હતો અને લોકો સારા – મીઠા અને રસમધુર ફળોનો આસ્વાદ માણતાં હતાં.

પાસેના શહેરમાં મોટા મોટા બગીચાઓ આવેલા હતા. તે બગીચાઓના માલિકો મોટા ભવ્ય મહેલો અને ઘરોમાં રહેતા હતાં. તે ઘણાં ધનિક હતાં. પરંતુ કંજુસ પણ એટલાજ. તેથી તેઓ પોતાના બગીચાનું એક પણ ફળ કોઈને મફત ખાવા આપતા ન હોતાં.

એક દિવસ એક નેક વ્યક્તિએ તેમને કહયું ‘‘તમે ગરીબો અને નિઃસહાય લોકોની મદદ નહીં કરો તો અલ્લાહ તમારા બગીચાઓ



અને ઘરોને નષ્ટ કરી દેશે અને તમારા તમામ ખેતરો પણ ઉજજડ થઈ જશે.''

પરંતુ તેમણે આ નેક વ્યક્તિની વાતો સાંભળી નહીં. તેજ દિવસે અલ્લાહની આજ્ઞાથી મેં મારા સાથીઓ સાથે બંધ (ડેમ) ઉપર આક્રમણ કર્યું. પહેલાં અમે અસંખ્ય દરો બનાવ્યાં. પછી તે તમામ દરો મોટા–મોટા કરી દીધાં. બંધનું પાણી દરો વાટે નીકળવા લાગ્યું. ધીમે ધીમે આખો બંધ તુટી ગયો અને પુરના પાણી ચારે કોર ફેલાઇ ગયા.

ઘરો–બગીચાઓ – ખેતરો તમામ પાણીમાં ડૂબી ગયા. જોત જોતામાં બધાં લોકો બરબાદ થઇ ગયાં. ત્યારે લોકોને પોતાની ભૂલનું ભાન થયું અને કહેવા લાગ્યા ''આપણે ગરીબો અને નિઃસહાય લોકોની મદદ કરવી જોઇતી હતી. પરંતુ ત્યાં સુધી તો ઘણું મોડું થઇ ચુકયું હતું.''

(સૂરએ સબાની ૧૫+૧૬મી આયતોના અર્થ ઘટન ઉપર આધારિત વાર્તા)



# આર્ટ ગેલેરી



વહાલા બાળકો,
અહીં આપેલ ચિત્રમાં સુંદરમજાના મનગમતા રંગ પૂરો અથવા તો ઉપર જણાવેલ નમૂના મૂજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખુબ જ સુંદર લાગશે.

أَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ



(અય પયગમ્બર !) શું અમે આપને વિશાળ હૃદય નથી આપ્યું.
(કે જેથી તમે દુશ્મનોના હુમલાને સહન કરી શકો !)

E-mail : hadimasik@yahoo.com



# મગજ કસો

**વહાલા ભૂલકાઓ**

મગજ કસો–વિચારો–સમજો અને આ ચોરસમાંથી પંજતને પાક ના નામ શોધી કાઢો.
(મોહમ્મદ – અલી – ફાતિમા –હસન – હુસૈન.)

| | | | | |
|---|---|---|---|---|
| ફા | ર | સ | ન | ન |
| તિ | તિ | સૈ | મી | બી |
| ર | હુ | મા | અ | લી |
| મો | હ | મ્મ | દ | સ |
| લા | હ | હ | સ | ન |

**વહાલા બાળકો**

શું તમને ''ઉસૂલે દીન'' યાદ છે ?
યાદ હોય જ ને !
તો પછી મગજ કસો
અને જયાં ખાલી ચોરસ છે તેમાં ''ઉસૂલે દીન''ના નામોની ખાલી જગ્યા ભરી આપો
(તૌહીદ– અદલ – નબુવ્વત ઈમામત – કયામત)

| | | | | |
|---|---|---|---|---|
| | બુ | | ત | બ |
| અ | લી | અ | ર | ઇ |
| મો | લા | | બુ | મા |
| સા | હી | લ | જ | |
| તૌ | ક | યા | | ત |

# ઝિલ્હજ માસમાં બનેલ પ્રસંગો તારીખ પ્રમાણે

વહાલા ભુલકાઓ !

આવો આપણે મળીને આ માસના ખાસ ખાસ દિવસોના પ્રસંગો જાણી લઇએ અને આપણાં માતા-પિતા, ભાઇ-બહેનો અને મિત્રોને પણ સંભળાવીએ.

**૧ ઝિલ્હજ :** આજના દિવસે સને ૯ હિજરીમાં અલ્લાહના વહાલા નબી (સલ.)એ આપણાં મૌલા અલી (અ.સ.)ને કાફિરો સામે સૂરએ તૌબા પઢીને સંભળાવવા માટે મોકલ્યાં હતાં.

**૫ ઝિલ્હજ :** આજના દિવસે સન ૨ હીજરીમાં ''બદ્રની લડાઇ'' પછી કાફિરોએ મુસ્લમાનો સાથે એક બીજી લડાઇ પણ લડી હતી. જેનું નામ ''સુવીક'' હતું.

**૬ ઝિલ્હજ :** (૧) આજ ના દિવસે સન ૨ હીજરીમાં આપણાં મૌલા અલી (અ.સ.) અને શાહઝાદી જનાબ ઝેહરા (અ.સ.)ના લગ્ન થયા હતા.

(૨) આજના દિવસે સને ૧૫૮ હીજરીમાં આપણાં છઠ્ઠા ઇમામનો કાતિલ ''મનસૂર દવાનિકી'' મરી ગયો હતો.

**૭ ઝિલ્હજ :** (૧) આજના દિવસે સને ૧૧૪ હીજરીમાં આપણાં પાંચમાં ઇમામ શહીદ થયાં હતાં (૨) આજના દિવસે આપણાં સાતમાં ઇમામને સાંકળોથી બાંધી કૈદખાનામાં બંદી બનાવવામાં આવ્યા હતા.

**૮ ઝિલ્હજ :** આજના દિવસે આપણાં આકા હુસૈન (અ.સ.)ને મક્કાથી કૂફા (કરબલા)ની તરફ જવું પડયું હતું.

**૯ ઝિલ્હજ :** (૧) આજનો દિવસ ''અરફા''નો દિવસ છે. દુઆએ અરફા પઢવી જોઇએ. (૨) આજના દિવસે આકા હુસૈન (અ.સ.)ના પ્રતિનિધી જનાબે મુસ્લિમ અને ઇમામના મિત્ર હાનીને કૂફામાં શહીદ કરવામાં આવ્યા હતા.

**૧૦ ઝિલ્હજ :** આજનો દિવસ ઇદુ-લ-અઝહા (બકરી ઇદ)નો દિવસ છે. આજે નમાઝ પઢવી જોઇએ. દુઆઓ માંગવી જોઇએ.સલામ કરવી જોઇએ અને કુરબાની કરવી જોઇએ.

**૧૧ ઝિલ્હજ :** આજના દિવસે આપણા વહાલા નબી (સલ.)એ ચંદ્રના બે ટુકડા કર્યા હતા.

**૧૪ ઝિલ્હજ :** આજના દિવસે આપણાં વહાલા નબી (સલ.)એ પોતાની દીકરી જ. ઝહેરાને ''ફિદક''નામનો એક મોટો બગીચો આપ્યો હતો.

**૧૮ ઝિલ્હજ :** આજનો દિવસ સૌથી મોટી ઇદનો દિવસ છે. તેને ''ઇદે ગદીર'' કહેવામાં આવે છે. આજે આપણા મૌલા અલી (અ.સ.)ની ઇમામતની જાહેરાત કરવામાં આવી હતી અને આજના દિવસેજ તેમની પાસેથી ઝુંટવી લેવાએલી ''ખિલાફત'' તેમને ૨૫ વર્ષ પછી પાછી મળી હતી.

**૨૨ ઝિલ્હજ :** આજના દિવસે મૌલા અલી (અ.સ.)ના સાચા મિત્ર મીસમે તમ્મારની શહાદત થઇ હતી.

**૨૪ ઝિલ્હજ :** આજનો દિવસ પણ ઇદનો દિવસ છે. આજના દિવસે પંજતને પાક એ ઇસાઇઓ સામેનો ''મુબાહિલા''નો મુકાબલો જીત્યો હતો.

**૨૭ ઝિલ્હજ :** આજના દિવસે આપણાં ત્રીજા અને ચોથા ઇમામનો ઘણો મોટો શત્રુ 'મરવાન' માર્યો ગયો હતો.

**૩૦ ઝિલ્હજ :** (૧) આજના દિવસે રસૂલ (સલ.)ના કાકા નું કાળજું ચાવવાવાળી સ્ત્રી હિન્દા મરી ગઇ હતી. (૨) આજના દિવસેજ ઇમામ અલી (અ.સ.)ના સાચા મિત્ર જનાબ અબૂઝર અને છઠ્ઠા ઇમામના સાચા ચાહનાર સહાબી ઝોરારહનો ઇન્તિકાલ થયો હતો.

**તો વહાલા બાળકો ! આ તમામ પ્રસંગોને બરાબર યાદ રાખજો કેમકે આગળ ઉપર કયારેક આ અંગે અમે પ્રશ્ન પુછીશું ! સાચા જવાબ આપવા છે ને !**

# તડબૂચના બીજ

એક બાદશાહ ઘણો બુધ્ધીશાળી અને ન્યાયપ્રિય હતો. તેને પોતાની પ્રજા પ્રત્યે ઘણો પ્રેમ હતો. પરંતુ તેને લોભી અને છળ કપટ કરનારઓ જરાયે ગમતા નહોતાં.

એક દિવસ બાદશાહ પોતાના એક સેવક સાથે પત્તાની રમત રમી રહયો હતો. તે વખતે એક ગામડિયો એક ઘણું મોટું તડબૂચ લઇ ને મહેલમાં આવ્યો. બાદશાહ એટલું મોટું તડબૂચ જોઇને આશ્ચર્ય ચકિત થઇ ગયો અને હસી પડયો. તે ગામડિયા ખેડૂતે બાદશાહને ઝુકીને સલામ કરી.

બાદશાહે પુછયું ''આટલું મોટું તડબૂચ તું કયાં લઇ જાય છે ? ગામડિયા ખેડૂતે જવાબ આપ્યો નામદાર ! હું આ તડબૂચ આપ બાદશાહ સલામતની સેવામાં પેશ કરવા જ લાવ્યો છું. આપ પોતાના રસોઇયાને એવી સૂચના આપશો કે આ તડબૂચ ના બીજ કાઢીને ફેંકી ન દે ! અને સંભાળીને રાખે. તેમાંથી અડધા આવતા વરસે વાવવા માટે હું પોતે લઇ જઇશ અને અડધા આપ નામદાર પોતાના મિત્રો–સ્નેહીજનોમાં વહેંચી દેજો.

બાદશાહ સલામતે તડબૂચ ની ભેટ સ્વીકારીને કહયું ''મારા મિત્ર ! તારો આભાર ! જા તું રસોડામાં જઇને ભોજન કરી લે.''

ગામડિયો ચાલ્યો ગયો તો બાદશાહે પોતાના સેવકને પુછયું ''આ વ્યકિત મારા માટે ઘણાં દૂરથી તડબૂચ લઇને



આવ્યો છે. તો મારે તેને શું આપવું જોઈએ ?''

સેવકે કહયું ''નામદાર ! આપ પહેલા આ ગામડિયાની પરીક્ષા લો કે તે આપની સાથે કોઈ ચાલ તો નથી ચાલતો ને ? પછી ઈનામ આપવાનું વિચાર જો ?''

બાદશાહે તે ગામડિયાને બોલાવ્યો અને પુછયું ''આ તડબૂચ ના બદલામાં હું તને શું આપું જે તને ગમશે ?''

ગામડિયાએ કહયું : ''નામદાર ! મેં તો જણાવી જ દીધું છે ! આપ તડબૂચના અડધા બીજ મને આપો તે જ મારું ઈનામ છે.''

બાદશાહ આ સાંભળીને ઘણો રાજી થયો અને તેને એક સુંદર અશ્વ ઈનામમાં આપ્યો. તે ગામડિયાએ બાદશાહ સલામતનો આભાર માન્યો અને ઘોડા ઉપર સવાર થઈને પોતાને ગામ ચાલ્યો ગયો.

તે ગામડિયાના પાડોશમાં ગામનો મુખી રહેતો હતો. તે ઘણો લોભી હતો. તેણે આ ગામડિયાની વાત જાણી તો મનમાં વિચાર્યું હું બાદશાહ સલામતને મારો સૌથી સુંદર અશ્વ આપીશ તો બાદશાહ સલામત મને ઘણા બધા ઈનામ–ઈકરારથી નવાજશે. બીજા દિવસે મુખી પોતાનો સૌથી સુંદર ઘોડો લઈને બાદશાહના મહેલમાં ગયો. તે વખતે બાદશાહ પોતાના સેવક સાથે બપોરે જમી રહયો હતો. મુખીએ બાદશાહ ને ઝુકીને સલામ કરી. બાદશાહે પુછયું ''કહો ભાઈ મુખી ! કેમ આવવાનું થયું ? મુખીએ બનાવટી નમ્રતા દેખાડીને કહયું , હું આપ નામદારની





સેવામાં મારો આ સૌથી સુંદર અશ્વ પેશ કરવા આવ્યો છું'' બાદશાહે કહયું, જાવ તેને તબેલામાં બાંધી દો. હું જમવામાંથી પરવારીને જોઇશ.

મુખી ઘોડો લઇને ચાલ્યો ગયો તો બાદશાહે પોતાના સેવકને કહયું ''બાપડો મારા માટે પોતાનો સૌથી સુંદર અશ્વ લઇને આવ્યો છે. લાગે છે તેને મારા પ્રત્યે ઘણા પ્રેમ અને આદરની લાગણી છે. મારે તેને બદલામાં શું આપવું જોઇએ ?''

સેવકે કહયું, નામદાર ! પહેલા આપ તેની પરીક્ષા તો લઇ લો શકય છે કે તે મોટા ઇનામની લાલચમાં આ ઘોડો લાવ્યો હોય.

જમવાથી પરવારીને બાદશાહ તબેલામાં ગયો અને ઘોડો જોઇને મુખીને કહયું કે આ ઘોડો ખરેખર ઘણો સુંદર છે. બતાવો હું તમને આના બદલા માં શું ઇનામ આપુ ?

મુખીએ કહયું, નામદાર ! મને મોટી જાગીર આપવામાં આવે તો આપની ઘણી મોટી કૃપા થશે.

આ જવાબ સાંભળીને બાદશાહ સમજી ગયો કે આ મુખી પ્રેમવશ થઇને નહીં પણ મોટા ઇનામની લાલચમાં ઘોડો આપવા આવ્યો છે. તેણે મુખીને કહયું ''હું તને તેનાથી પણ ભવ્ય ભેટ આપીશ.'' પછી તેણે પોતાના રસોઇયાને બોલાવ્યો પુછયું મારા તડબૂચના બીજ કયાં છે ? રસોઇયાએ કહયું. ''હજુર મેં સંભાળીને રાખ્યાં છે.''

બાદશાહે કહયું ''ઘણું સરસ ! જાવ, આ બીજના બે ભાગ કરો. એક ભાગ આ મુખીને ઇનામ તરીકે આપી દો અને બીજો ભાગ અમારા ગામડિયા મિત્ર માટે સંભાળી રાખી મુકો.''

**આમ લોભી મુખીને એક સુંદર અશ્વના બદલામાં તડબૂચ ના બીજ મળ્યા !!!**



E-mail : hadimasik@yahoo.com

# તમે કેવા બનવા ઈચ્છો છો ?

**નીચે આપેલ ચિત્રો ઉપર ખરા અને ખોટા ની નિશાની લગાવી પોતાને ઓળખો.**





E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી



વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહી !**







E-mail : hadimasik@yahoo.com

# અમારા પ્રશ્નો તમારા જવાબો



વહાલા બાળકો !

નીચે કેટલાક સરળ પ્રશ્નો છે. તમારે ફકત ખરા જવાબ ઉપર (✓) ખરાની નિશાની કરીને જવાબ લખવા ના છે.

**પ્રશ્ન–૧ : ઝિલ્હજના માસમાં કુલ કેટલી ઇદ આવે છે ?**

(અ) ૫ (બ) ૧૦ (ક) ૩ (ડ) ૨

**પ્રશ્ન–૨ : આપણાં પ્રથમ ઇમામ હઝરત અલીને કઇ જગ્યાએ ‘‘મૌલા’’ બનાવવામાં આવ્યા હતાં ?**

(અ) મદીના (બ) ખુમ (ક) મક્કા (ડ) કરબલા

**પ્રશ્ન–૩ : ‘‘ઈદે ગદીર’’ ઝિલ્હજ માસની કઇ તારીખે આવે છે ?**

(અ) ૧૯ (બ) ૨૦ (ક) ૧૦ (ડ) ૧૮

**પ્રશ્ન–૪ : મુબાહેલાના મેદાનમાં કોણ કોણ ગયાં હતાં ?**

(અ) પંજતને પાક (અ.સ.) (બ) ચૌદ માઅસૂમ (અ.સ.)
(ક) બાર ઈમામો (અ.સ.) (ડ) કરબલાના શહીદો

**પ્રશ્ન–૫ : બકરી ઇદ ઝિલ્હજ માસની કઇ તારીખે આવે છે ?**

(અ) ૧૦ (બ) ૧૨ (ક) ૨૪ (ડ) ૧

**પ્રશ્ન–૬ : આપણાં વહાલા નબી (સલ.) નું નામ શું છે ?**

(અ) મુહમ્મદ(સલ.) (બ) અલી (અ.સ.)
(ક) મૂસા (ડ) આદમ (અ.સ.)





E-mail : hadimasik@yahoo.com

# પત્રાવલી

**વહાલા બાળકો,**

આ પેજ ઉપર તમે મોકલેલા પત્રોમાંથી સારામાં સારો પત્ર શોધીને છાપવામાં આવશે...

તમારા જ અક્ષરમાં ...

પત્ર બ્લેક પેન થી લખશો, સુંદર અક્ષરમાં ...

સહતંત્રી-





# ગદીર કા મન્ઝર

હૈ ગદીર ખુમ કે મિમ્બર પર નબી (સલ.) વ બુતુરાબ
આજ યકજા હો ગએ હૈ આફતાબો માહતાવ
ઐસા મન્ઝર આંસમાંવાલોને ભી દેખા નહી
માહતાબ આગે રહે ઔર ઉસકે પીછે બુતુરાબ
ગર્મી યે સેહરા ને દિખલાયા હૈ યે દોહરા અસર
કુછ કે તલવે જલ રહે હૈ કુછ કે સીને હૈ કબાબ
બુતુરાબી બન ન પાયા જો મુસલમા દેહર મેં
સમઝો ઉસને અપને હાથો અપની મટ્ટી કી ખરાબ

(અલ્લામા જવાદી)

# રુબાઈ

નઝરોં મેં હુકુમત કી ગુનેહગાર ભી થા
ઇક વકત વો આયા કે સરે દાર ભી થા
હક વિર્દે ઝબાં રહા ઝબાં કટને તક
ઈસ કૌમ મેં ઇક મીસમે તમ્માર ભી થા

(માસિક તુબા માંથી સાભાર)

# વાર્તાલાપ...

હાદી : અમીન, તને ખબર છે કે આજે ૧૮ જિલ્હજ-ઈદે ગદીરનો દિવસ છે ? આજે આપણી સૌથી મોટી ઈદ છે !

અમીન : આ કઈ ઈદ છે ?

હાદી : આજના દિવસે ગદીરે ખુમના મેદાનમાં રસુલે અકરમ (સ.અ.વ.) એ અલ્લાહના હુકમથી હ.અલી (અ.સ.)ને તમામ મોમીનો- મોઅમેનાતના મૌલા બનાવ્યા તથા અલ્લાહે દીનને કામિલ કર્યો તથા નેઅમતોને પૂર્ણ કરી.

અમીન : પછી તો આજે - ચાલો... આપણે સરસ મજાની ફિલ્મ જોવા જઈએ !

હાદી : તૌબા...તૌબા ! ઈદનો દિવસ અને ગુનાહ !

અમીન : તો પછી શું કરીએ ?

હાદી : આજના દિવસે આપણે એકબીજાને મુબારક બાદ આપીએ, દુઆઓ માંગીએ, નમાઝ પઢીએ અને એક બીજાના ભાઈ બની જઈએ...

અમીન : એ બધું તો ઠીક... પણ એકબીજાના ભાઈ કેવી રીતે બની શકીએ કે જ્યારે અપણા બંનેના માં-બાપ અલગ-અલગ છે !

હાદી : આ તો ખૂબ સહેલું છે, હું તને તેની રીત બતાવું, પહેલા હું આ પ્રમાણે કહું :

و آخَيْتُكَ فِى اللّٰهِ،وَصَافَيْتُكَ فِى اللّٰهِ،وَصَافَحْتُكَ فِى اللّٰهِوَعَاهَدتُّ اللّٰهَ وَمَلَائِكَتَهٗ وَكُتُبَهٗ وَرُسُلَهٗ وَاَنْبِيَائَهٗ وَالْاَئِمَّةَ الْمَعْصُومِينَ عَلَيهِمُ السَّلَامُ عَلىٰ اَنّى اِنْ كُنْتُ مِنْ اَهْلِ الْجَنَّةِوَالشَّفَاعَةِوَاُذِنَ لِى بِاَنْ اَدْخُلَ الْجَنَّةَ لَا اَدْخُلُهَا اِلَّا وَ اَنْتَ مَعِىْ

પછી તું આ પ્રમાણે કહે :

قَبِلْتُ

પછી આ પ્રમાણે કહે :

اَسْقَطتُّ عَنْكَ جَمِيْعَ حُقُوْقِ الْاُخُوَّةِ،مَا خَلَا الشَّفَاعَةَ وَالدُّعَاءَ والزِّيَارَةَ

આ પ્રમાણે આપણે એકબીજાના દીની ભાઈ બની જઈએ !



E-mail : hadimasik@yahoo.com

બોસ્તાને ઝહેરા ઓસોસીએશન, લંડન.

અને

હૌઝે ઈલ્મીયહ ઈમામ ખુમૈની (રહ.), અમદાવાદ.

તરફથી

સર્વે વહાલા બાળકો અને નૌજવાનો ને

## ઈદે મુબાહિલાની મુબારકબાદ

પાઠવીએ છીએ...

E-mail : hadimasik@yahoo.com




• પબ્લીશર્સ •

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. (ગુજ.) ભારત- ૩૮૨૪૪૦.

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

E-mail : hadimasik@yahoo.com



Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474